હાર્દિકના ઉપવાસ સાતમા દિવસેય યથાવત

તબિયત બગડ્યા બાદ એમ્બ્યુલન્સ રાખવી જરૂરી : હાર્દિકના ઉપવાસ સ્થળે કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા, શૈલેષ પરમાર અને હિંમતસિંહ પણ પહોંચ્યા

અમદાવાદ,તા. ૩૧

પાટીદારોને અનામત અને ખેડૂતોની દેવા માફી મામલે હાર્દિક પટેલના આમરણાંત ઉપવાસનો આજે સાતમો દિવસ હતો અને તેની તબિયત દિન પ્રતિદિન લથડતી અને કથળતી જાય છે પરંતુ હાર્દિક પોતાની લડાઇ અને ન્યાય માટે બહુ મક્કમ છે. દરમ્યાન હાર્દિકના છેલ્લા સાત દિવસથી આમરણાંત ઉપવાસના કારણે તેની લથડી રહેલી તબિયતની ગંભીરતા ધ્યાને લઇ આજે પાસ તરફથી પાસ નેતા નિખિલ સવાણીએ સોલા પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી અને હાર્દિકના હેલ્થ મોનિટરિંગ માટે એમ્બ્યુલન્સ રાખવા માટે માંગણી કરી હતી. બીજીબાજુ, હાર્દિકના ઉપવાસ આંદોલનના સમર્થનમાં અમદાવાદ શહેર સહિત રાજયના વિવિધ જિલ્લા અને તાલુકાઓમાં પાટીદારો, ખેડૂતો સહિતના લોકોમાં સમર્થનનો જુવાળ વધતો જાય છે. આજે અમદાવાદમાં સોલા ઘુમા ખાતે, મારૂતિનંદન મંદિર-વૈષ્ણોદેવી સર્કલ પાસે, દેત્રોજના રાધાકૃષ્ણ મંદિર, જાખોરા ગામ સહિતના અનેક સ્થળોએ હાર્દિકના સમર્થનમાં પ્રતિક ઉપવાસ અને રામધૂન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. દરમ્યાન આજે ઉપવાસના સાતમા દિવસે હાર્દિકે ટ્વિટ કરતા લખ્યું કે, ખેડૂતોની દેવા માફી અને અનામતને લઈ અન્ન અને જળના ત્યાગ સાથે વિજય સંકલ્પ, આમરણાંત ઉપવાસનો આજે સાતમો દિવસ છે. લડીશ પણ હાર નહીં માનું, પહેલા હું ભગતસિંહના માર્ગ પર હતો પણ હાલ હું ગાંધીના માર્ગ પર છું. જોઉં છું કે સરકાર જીતશે કે મહાત્મા.. જયહિંદ. બીજીબાજુ, મુસ્લિમ સમાજ દ્વારા સાંજે ચાર વાગ્યે માણેકચોક ખાતે એહમદશાહ દરગાહ ખાતે હાર્દિકના સારા સ્વાસ્થ્ય માટે દુઆ-બંદગી કરવામાં આવી હતી. છેલ્લા ૨૪ કલાકમાં હાર્દિકના વજનમાં વધુ ૯૦૦ ગ્રામનો ઘટાડો થયો છે. આમ, છેલ્લા સાત દિવસમાં હાર્દિકનું કુલ વજન છ કિલો જેટલુ ઘટી ગયું છે. દરમ્યાન હાર્દિકના વિજય સંકલ્પ આમરણાંત ઉપવાસને સમર્થન આપવા માટે આજે બપોરે કોંગ્રેસના પૂર્વ પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા, ધારાસભ્ય શૈલેષ પરમાર અને ધારાસભ્ય હિંમતસિંહ પટેલ પણ પહોંચ્યા હતા.

હાર્દિકને મળવા માટે પૂર્વ ધારાસભ્ય અને કોંગી નેતા કનુભાઈ કળસરિયા પણ આવ્યા હતા, તેમણે હાર્દિકની લથડતી તબિયત જોઇ ભારે સંવેદના પ્રગટ કરતાં જણાવ્યું હતું કે, સરકારને કંઇક સદ્‌બુધ્ધિ સૂઝે તેવી પ્રાર્થના કરીએ. પહોંચ્યા હતાસાથે સાથે એનએસયુઆઇના અગ્રણી વિદ્યાર્થી નેતાઓ પણ હાર્દિકના ખબરઅંતર પૂછવા પહોંચ્યા હતા. હાર્દિકના મેડિકલ ચેકઅપ કરનાર ડોકટર નમ્રતા વડોદરિયાએ જણાવ્યું હતું કે, હાર્દિકે શુક્રવારથી પ્રવાહી લેવાનું પણ બંધ કરી દીધું છે. છેલ્લા ૨૪ કલાકમાં હાર્દિકનું વજન ૯૦૦ ગ્રામ ઘટ્યું છે, જ્યારે તેણે બ્લડ-યુરિનના સેમ્પલ આપવા ઈન્કાર કરી દીધો છે. જ્યારે ઉપવાસ આંદોલનના પ્રથમ દિવસે હાર્દિકનું વજન ૭૭.૮૦૦કિલો ગ્રામ હતું અને ઉપવાસ આંદોલનના સાતમા દિવસે ૫.૯૦૦ કિલો ઘટીને ૭૧.૯૦૦ કિલો ગ્રામ થયું છે. બ્લડ-યુરિનના સેમ્પલ લેવા જરૂરી છે, પણ હાર્દિક પટેલ ના પાડી રહ્યો છે. બ્લડ-સુગરના સેમ્પલ અલગ અલગ સમયે લેવામાં આવ્યા હોવાથી ફેરફાર શક્ય છે. હાલ હાર્દિકનું વજન ૭૧ કિલો અને ૯૦૦ ગ્રામ છે. અમે એમને હજી પણ હોસ્પિટલમાં દાખલ થવાની સલાહ આપી રહ્યા છીએ અને લિકવિડ તથા અનાજ પણ પેટમાં જવું જરૂરી છે. પાણી બંધ કરવાથી શ્વાસ અને હૃદયના ધબકારામાં પણ ફેરફાર આવી શકે છે.

પાલનપુરમાં હાર્દિકના સમર્થનમાં પ્રતિક ઉપવાસ ૨૦ જેટલા પાટીદારોની પોલીસે કરી અટકાયત

પાટીદાર અનામત આંદોલન અને ખેડૂતોને દેવામાફી સહિતની માંગને લઈને પાસ નેતા હાર્દિક પટેલ આમરણાંત ઉપવાસ પર છે. જેના સમર્થનમાં પાલનપુર ખાતે પાટીદારો પ્રતિક ઉપવાસ પર બેઠા હતા. જોકે, પોલીસે ઉપવાસ પર બેઠેલા ૨૦ જેટલા પાટીદારોની અટકાયત કરી હતી. પાલનપુરની કલેક્ટર કચેરી સામે હાર્દિક પટેલના સમર્થનમાં પાટીદારોએ ધરણાં યોજી પ્રતિક ઉપવાસ આંદોલન છેડ્યુ હતું. જેમાં ઉપવાસ આંદોલનમા ભંગાણ પાડતા પોલીસે ૨૦ પાટીદારોની અટકાયત કરી હતી.મંજૂરી વગર પ્રતિક ઉપવાસ પર પાટીદારો બેઠા હતા. જેમાં કોલેજ ના વિદ્યાર્થીઓ પણ સામેલ હતા. ત્યારે પોલીસે ૧૦ જેટલા વિદ્યાર્થીઓ સહિત ૨૦ પાટીદારો ની અટકાયત કરતા વાતાવરણ ઉત્તેજનાસભર બન્યું હતું.

હાર્દિક પટેલના સમર્થનમાં પ્રાંતિજના ધડકણ તથા બાલીસણામાં એક દિવસના પ્રતિક ઉપવાસ સાથે રામધૂન

પાટીદારોને અનામત અપાવવા તથા ખેડૂતોના દેવા માફીની માંગને લઈને આમરણાંત ઉપવાસ આંદોલન ચલાવતા હાર્દિક પટેલના સમર્થનમાં સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ધડકણ અને બાલીસણાના પાટીદારો દ્વારા એક દિવસના પ્રતિક ઉપવાસ સાથે રામધૂનના કાર્યક્રમો યોજાયા હતા. પાટીદાર અનામત આંદોલન સંદર્ભે આમરણાંત ઉપવાસ ઉપર બેઠેલા હાર્દિક પટેલના ઉપવાસના સાતમાં દિવસે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ધડકણ તથા બાલીસણા ગામે પાટીદાર સમાજના ભાઈ-બહેનો દ્વારા હાર્દિક પટેલને સમર્થન પુરૂ પાડયું હતું. દિવસે ને દિવસે આંદોલનને રાજય સહિત જિલ્લા અને તાલુકામાં સમર્થન મળી રહ્યું છે ત્યારે સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકાના ધડકણ ખાતે આવેલ મહાકાલી મંદિર ખાતે પાટીદાર સમાજના ભાઈ-બહેનો એકઠાં થઈને એક દિવસના પ્રતિક ઉપવાસ કર્યાં હતાં. સવારના આઠથી સાંજના છ વાગ્યાં સુધી અખંડ રામધૂન બોલાવી હતી. પ્રાંતિજના બાલીસણા ખાતે પણ હાર્દિક પટેલના સમર્થનમાં પાટીદાર સમાજના ભાઈ- બહેનો દ્વારા એક દિવસના પ્રતિક ઉપવાસ કરી રામધૂન સાથે ભજન કિર્તનનો કાર્યક્રમો યોજાયા હતા.

ઉપવાસમાં તંત્રની હેરાનગતિ મુદ્દે ખુલાસો માંગતી હાઈકોર્ટ

હાર્દિકને પોલીસ દ્વારા નજર કેદ કરાયો છે અને ઉપવાસના સ્થળે જીવનજરૂરી ચીજવસ્તુ પણ લઇ જવા દેવાતી નથી

પાટીદારોને અનામત અને રાજયના ખેડૂતોને દેવામાફીની માંગણી સાથે આમરણાંત ઉપવાસ પર ઉતરેલા હાર્દિક પટેલના શાંતિપૂર્ણ ઉપવાસ દરમ્યાન તંત્ર અને પોલીસ દ્વારા થઇ રહેલી હેરાનગતિ, દાદાગીરી અને રંજાડગતિને લઇ પાસના કન્વીરો તરફથી પાટીદાર અનામત આંદોલન સમિતિ દ્વારા ગુજરાત હાઇકોર્ટમાં કરાયેલી રિટ અરજીમાં ગુજરાત હાઇકોર્ટે રાજય સરકાર પાસેથી આ સમગ્ર મામલે ખુલાસો માંગ્યો છે. હાઇકોર્ટે અરજદારપક્ષ તરફથી અરજીમાં ઉઠાવાયેલા મુદ્દાઓ અનુસંધાનમાં જરૂરી સોગંદનામું રજૂ કરવા રાજય સરકારને હુકમ કર્યો છે. હાઇકોર્ટે સમગ્ર કેસની વધુ સુનાવણી તા.૪થી સપ્ટેમ્બર પર મુકરર કરી છે. મહત્વની એવી આ અરજીમાં પાસના કન્વીનરો તરફથી તંત્ર અને પોલીસ પર ગંભીર આરોપ લગાવાયા હતા કે, હાર્દિકને પોલીસ તંત્ર દ્વારા નજરકેદ કરાયો છે અને ઉપવાસના સ્થળે જીવનજરૂરી ચીજવસ્તુઓ પણ લઇ જવા દેવાતી નથી. પાટીદાર અનામત આંદોલન સમિતિ તરફથી કરાયેલી રિટ અરજીમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરાયા હતા કે, પાસના કન્વીનર અને પાટીદાર યુવા નેતા હાર્દિક પટેલ દ્વારા પાટીદારોને અનામત અને રાજયના ખેડૂતોને દેવામાફીની માંગણી સાથે આમરણાંત ઉપવાસ ચાલી રહ્યા છે. હાર્દિક ખૂબ જ શાંતિપૂર્ણ રીતે આ ઉપવાસ આંદોલન ચલાવી રહ્યા છે, તેમછતાં પોલીસ અને તંત્ર દ્વારા હાર્દિકના ઉપવાસ સ્થળે તેને મળવા આવતા, તેની ખબર અંતર પૂછવા આવતા સગાવ્હાલા, પરિચિતો કે મિત્રવર્તુળ સહિતના તમામ લોકોને પોલીસ ખોટી રીતે આંતરીને હેરાન કરી રહી છે અને પોતાના અધિકાર કે સત્તા બહાર જઇ ગેરકાયદે રીતે મુલાકાતીઓને હાર્દિકને મળવાથી રોકી રહી છે. પોલીસ આ પ્રકારે હાર્દિકને મળવાથી કોઈને રોકી શકે નહી, કાયદામાં આવી કોઇ જોગવાઇ કે પોલીસને સત્તા પણ નથી.

તડીપાર હુકમનો ભંગ કરતા ડીસાના શખ્સની ફરી ધરપકડ : જેલના હવાલે કરાયો

સરહદી કચ્છ ભુજ રેન્જના આઈ.જી.પી. ડી.બી.વાઘેલા તથા બનાસકાંઠાના પોલીસ અધિક્ષક પ્રદીપ શેજુળે જિલ્લામાં નાસતા ફરતા તથા તડીપાર થયેલ આરોપીઓને ઝડપી લેવા સૂચના આપતા એલસીબીના ઇન્ચાર્જ પી.આઈ. જે એચ સિંધવના માર્ગદર્શન હેઠળ એલસીબીના પ્રોબેશન પો.સ.ઈ. એમ.આર. મોહનીઆએ તેમની ટીમના મિલનદાસ અને મહેશભાઈ સાથે ડીસા ઉત્તર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન ડીસાના હરસોલિયાવાસ વિસ્તારના રહીશ

પ્રતીક દિલીપભાઇ રાઠોડને ડીસાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટે ગત ૨૮મી ફેબ્રુઆરીના રોજ બે વર્ષ માટે બનાસકાંઠા તથા તેની લગોલગ આવેલ જિલ્લાઓમાંથી તડીપાર કરેલ હોવા છતાંઆ શખ્સ કોઈ અધીકારીની મંજૂરી લીધા સિવાય ડીસામાં જ રહી તડીપાર હુકમનો ભંગ કરતો હોવાનું જાણવા મળતા એલસીબીની ટીમે ખાનગી બાતમીના આધારે પ્રતીક દિલીપભાઈ રાઠોડને ઝડપી લઈ તેની વિરુદ્ધ ડીસા શહેર ઉત્તર પોલીસ મથકમાં જી.પી.એક્ટની કલમ ૧૪૨ મુજબ ગુન્હો દાખલ કરાવતા ડીસા ઉત્તર પોલીસે પ્રતીક રાઠોડને જેલના હવાલે કરી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગોકુલપુરા પાસે એકટીવા ચાલકને રખડતા ઢોરે અડફેટે લેતા ઈજા

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ વધી જવા પામ્યો છે. માર્ગ વચાળે અડીંગો જમાવી બેસી જતા

ઢોર ઉભા નહીં થતા વાહન ચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. તો બીજી તરફ ઢોરને પગલે ટ્રાફિકની સમસ્યા પણ સર્જાય છે. ત્યારે રખડતા ઢોરના પગલે શહેરમાં ટુ-વ્હીલર ચાલકોની જીંદગી જોખમ ઉભુ થયું છે.

માર્ગ પર અચાનક આવી જતા રખડતા ઢોર અકસ્માત સર્જે છે. જેમાં વાહન ચાલકને ઈજા પહોંચે છે તો વાહનને પણ મોટું નુકશાન થાય છે. શહેરમાં ચોમાસાની સિઝનમાં ઢોરનો પ્રશ્ન પેચીદો બન્યો છે. ત્યારે આજે સવારના સુમારે પોર ગામેથી મધુર ડેરી ખાતે વાવોલ થઈને નોકરી પર યુવાન જઈ રહ્યો હતો. ત્યારે ગોકુલ પુરા પાસેથી બે રખડતા ઢોર ઝઘડી રહ્યા હતા. તે અચાનક એકટીવા લઈને પસાર થતા યુવાન પર પડતા યુવાનને ઈજા પહોંચી હતી. તાત્કાલીક ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ સારવાર માટે યુવાનને લાવવામાં આવ્યો હતો.ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો.ત્યાં અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ યુવકને મોં પર ઈજા પહોંચી છે તેમજ પાંસળીના ભાગે ફ્રેકચર થવા પામ્યું છે. રખડતા પશુઓને પગલે નગરમાં બે પૈંડા પરની જીંદગી જોખમાઈ રહી છે.ત્યારે રખડતા ઢોરને તંત્ર કેમ કાબુમાં નથી લેતા તે સવાલ પણ નગરજનોના મનમાં ઉઠવા પામે છે.

સરિતા ગાયકવાડને રાજ્ય સરકારનો એક કરોડનો પુરસ્કાર

ગાંધીનગર,તા.૩૧

ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે રમાઇ રહેલી ૧૮મી એશિયન ગેમ્સના ૧૨મા દિવસે ૪/૪૦૦ મીટર રિલે દોડમાં ઇન ફૉર પ્લેયરમાં ગુજરાતના ડાંગ જિલ્લાની વનબંધુ દીકરી કુ.સરિતા ગાયકવાડે ભારતને સુવર્ણચંદ્રક અપાવીને ગુજરાત અને દેશનું નામ રોશન કર્યું છે. સરિતા ગાયકવાડ સાથે હિમા દાસ, પુવમ્મા રાજુ, અને વિસ્મયાએ સંયુક્ત રીતે ભારતને આ સુવર્ણ પદક અપાવ્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એશિયન ગેઇમ્સમાં રિલે દોડમાં ગોલ્ડ મેડલ મેળવી ગુજરાતનું ગૌરવ વધારનારી ડાંગની વનબંધુ કન્યા સરિતા ગાયકવાડને ખેલ પ્રતિભા પુરસ્કાર અંતર્ગત ૧ કરોડ આપવાની જાહેરાત કરી છે.

તેમણે સરિતા ગાયકવાડને અભિનંદન પાઠવતાં કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં શરૂ કરાવેલા ખેલમહાકુંભને પરિણામે આવા હોનહાર ખેલાડીઓને વૈશ્વિક રમતોમાં ગુજરાત અને ભારતની શ્રેષ્ઠતા ઝળકાવવાની તક સાંપડી છે. રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા માટે તેમજ અંતરીયાળ સ્તરે રહેલી ખેલ પ્રતિભાઓને બહાર લાવવા માટે તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેલ મહાકુંભના આયોજનની રાજ્યમાં શરૂઆત કરી હતી. પ્રતિવર્ષ યોજાતા આ ખેલ મહાકુંભના કારણે ગુજરાત આજે વૈશ્વિક સ્તરે પ્રસ્થાપિત થયું છે. જેના થકી વડાપ્રધાનનું સપનું આજે સાકાર થઇ રહ્યું છે. ખેલ મહાકુંભના માધ્યમ દ્વારા રાજ્ય સરકાર ખેલાડીઓને આનુષાંગિક તમામ પ્રકારની સુવિધાઓ પૂરી પાડે છે.

જીડીપી ગ્રોથ રેટ...

● **પહેલા પાનાનું ચાલુ**

શરૂઆતમાં ભારત ફ્રાંસને પાછળ છોડીને ૨.૬ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બની ગયું હતું. વર્લ્ડ બેંકના ડેટામાં જણાવવામાં આવ્યું છે કે, ભારત ફ્રાંસથી આગળ નિકળીને છઠ્ઠુ સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે. બુધવારના દિવસે જારી કરવામાં આવેલા આ વર્ષ માટેના વાર્ષિક અહેવાલમાં રિઝર્વ બેંકે કુલ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે આર્થિક વિકાસ દર ૭.૪ ટકા રહેવાની વાત કરી હતી. સારા મોનસુન અને ઔદ્યોગિક પ્રવૃત્તિનો ઉલ્લેખ આમા કરવામાં આવ્યો હતો. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા ડેટાના બીજા સેટમાં આ કોર સેક્ટરમાં ગ્રોથ રેટ જુલાઈમાં ૬.૬ ટકા રહ્યો છે જે કોલસા, રિફાઈનરી, સિમેન્ટ, ફર્ટીલાઇઝરમાં હેલ્થી ઉત્પાદનનું ચિત્ર રજૂ કરે છે. સરકાર માટે આ તમામ આંકડા ખુબ જ આશાસ્પદ રહ્યા છે. એપ્રિલ-જુલાઈ ફિસ્કલ ડેફિસિટ ટાર્ગેટના ૮૬.૫ ટકા છે. જુલાઈમાં કોર સેક્ટર ડેટા ૬.૬ ટકા છે. એચડીએફસી બેંક દ્વારા રિપોર્ટમાં પણ કેટલીક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભારતને પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપી રેટ ૮.૨ ટકા રહ્યો છે. રૂપિયામાં તીવ્ર ઘટાડો અને ક્રૂડ ઓઇલની કિંમતમાં જોરદાર વધારાની સ્થિતિ વચ્ચે બેવડા ફટકારની સ્થિતિ વચ્ચે આર્થિક વિકાસદર ૮.૨ ટકા રહ્યો છે જે ખુબ સારા ચિત્રનો સંકેત આપે છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા માઇક્રો ઇકોનોમિક ડેટા દર્શાવે છે કે, માત્ર ૪ મહિનામાં જ કુલ વર્ષના ફિસ્કલ ડેફિસિટના ટાર્ગેટને ૮૬.૫ ટકા સુધી હાંસલ કરવામાં આવ્યું છે. બીજી બાજુ જુલાઈ જીએસટી વસુલાતનો આંકડો ૯૨૩ અબજ રૂપિયા રહ્યો છે જે જુન મહિનામાં ૯૬૦.૪ અબજ રૂપિયાનો રહ્યો હતો. એપ્રિલ-જુલાઈ નેટ ટેક્સ રેવેન્યુનો આંકડો ૨.૯૩ ટ્રિલિયન રૂપિયાનો રહ્યો છે.

જાહેર નિવિદા

સરકારી પોલિટેકનીક સેક્ટર-૨૬, ગાંધીનગર ખાતે ઉગેલ ઘાસની જાહેર હરાજી તા. ૧૦-૯-૨૦૧૮ના રોજ બપોરે ૩.૦૦ કલાકે સંસ્થા ખાતે રાખેલ છે. તો રસ ધરાવનાર ઈસમોએ રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા)ની ડીપોઝીટ ભરી રૂબરૂ હાજર રહેવું.

આચાર્ય
માહિતી/૧૪૧૭/૧૮-૧૯ સરકારી પોલિટેકનીક, ગાંધીનગર

જાહેર નિવિદા નં. ૦૭ સને ૨૦૧૮-૨૦૧૯
(માર્ગ અને મકાન વિભાગ (વિદ્યુત))
ગુજરાત સરકાર
(વિજળીકરણ કામના અને અનુભવી ઠેકેદારો માટે)

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૧, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬, દ્વારા વિજળીકરણને લગતા ૦૬ કામ જેની અંદાજિત કિંમત રૂ. ૫૨,૭૩૨.૧૦ થી રૂ. ૭૦,૫૨૩.૨૫ સુધીની છે. આ કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા વિદ્યુત કામના ઠેકેદારશ્રીઓ અને જે તે કામના અનુભવી પાસેથી ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૦૬-૦૯-૨૦૧૮ બપોરે ૪.૦૦ વાગ્યા સુધી છે. ટેન્ડર પરત મેળવવાની તા. ૧૫-૦૯-૨૦૧૮ છે. આ કામની વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મૂકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે. **માહિતી/૧૪૨૨/૧૮-૧૯**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭